# પતિ, પત્નિ, યા અન્ય જીવનસાથી/સહચર વિષે માહિતી

પતિઓ, પત્નિઓ, વેવિશાળ થયેલ સ્ત્રીઓ યા પુરુષો કોઈ યુ.કે.વાસી સાથે પ્રવાસ કરતા, યા એને જોડાવા માટે યુ.કે. આવી રહ્યા હોય તેને માટે ઈમીગ્રેશનના નિયમો શું કહે છે તે આ પત્રિકામાં સમજાવવામાં આવ્યું છે.

*શું તમારા પતિ, પત્નિ, કે તમારી સાથે વેવિશાળ કરેલ હોય તે વ્યક્તિ યુ.કે. આવી શકે?*

નીચે બતાવેલ શરતો લાગુ પડતી હોય તો તમારા પતિ, પત્નિ, કે તમારી સાથે વેવિશાળ કરેલ હોય તે વ્યક્તિ યુ.કે. આવી શકે છે:

તમે પોતે યુ.કે.માં વસતા હો અને સ્થાયી થઇ ગયા હો; અથવા,

તમે એ વ્યક્તિને સાથે લઈને અહીં કાયમી ધોરણે વસવાટ કરવા માટે પાછા ફરી રહ્યા હો.

## તમારા પતિ કે પત્નિની યોગ્યતા કેવી રીતે પુરવાર થાય?

એણે નીચે બતાવેલ બાબતો પણ પુરવાર કરવાની રહેશે:

- તમે બન્નેએ કાયદેસર લગ્ન કરેલ છે;
- પતિ-પત્નિ તરીકે તમે કાયમી ધોરણે સાથે જ રહેવાના છો;
- તમે એકબીજાથી પરિચિત છો;
- સરકારી ભંડોળમાંથી મદદ લીધા વગર તમે બન્ને તમારૂં પોતાનું તેમ જ તમારા આશ્રિતોનું ભરણપોષણ કરી શકો એમ છો;
- સરકારી ભંડોળમાંથી મદદ લીધા વગર તમે તેમ જ તમારા આશ્રિતો રહી શકો એવા રહેઠાણની સગવડ તમારી પાસે છે;
- આવનારની ઉંમર ૧૬ વર્ષથી ઓછી ના હોય.

તમારે એકથી વધારે પતિ કે પત્નિ હોય તો એમાંથી એક જ તમારા જીવનસાથી તરીકે અહીં આવી શકશે.

**યુ.કે. તરફ પ્રયાણ કરતા પહેલા એણે એન્ટ્રી ક્લિઅરન્સ મેળવી લેવું જોઈએ.**

એ અહીં આવે ત્યારે ૨૪ મહિના માટે રહેવાની અને કામ કરવાની પરવાનગી એને મળશે. એ ૨૪ મહિના પૂરા થવા આવે ત્યારે, જો તમારૂં લગ્ન ટકી રહ્યું હોય અને તમે સાથે જ રહેવાનો ઈરાદો હોય, તો એ કાયમી વસવાટ માટે અરજી કરી શકે છે.

# તમારૂં વેવિશાળ થયું હોય તો તે સંબંધી યુ.કે.માં કેવી રીતે આવી શકે?

એણે બતાવવું પડશે કે:

- વાજબી સમયગાળામાં (સામાન્ય રીતે છ મહિનામાં) તમે પરણી જવા માગો છો;
- લગ્ન પછી કાયમી ધોરણે સાથે રહેવા માગો છો;
- તમે એકબીજાથી પરિચિત છો;
- લગ્ન કરો ત્યાં સુધી સરકારી ભંડોળમાંથી મદદ લીધા વગર તમે તેમ જ તમારા આશ્રિતો રહી શકો એવા રહેઠાણની સગવડ તમારી પાસે છે;
- સરકારી ભંડોળમાંથી મદદ લીધા વગર તેમનું તેમ જ આશ્રિતોનું ભરણપોષણ થઇ શકે એમ છે.

હોમ ઓફિસ એને છ માસ માટે રહેવાની પરવાનગી આપશે અને એ સમય દરમ્યાન એ કામ નહીં કરી શકે. તમારા બન્નેના લગ્ન થઇ જાય પછી એ અહીં રહેવાની અરજી કરી શકે. જો હોમ ઓફિસ એ અરજી માન્ય કરશે તો ૨૪ મહિના માટે રહેવાની અને કામ કરવાની પરવાનગી એને મળશે. એ ૨૪ મહિના પૂરા થવા આવે ત્યારે એ કાયમી વસવાટ માટે અરજી કરી શકે છે.

યુ.કે. તરફ પ્રયાણ કરતા પહેલા એણે એન્ટ્રી ક્લિઅરન્સ મેળવી લેવું જોઇએ.

# તમારા પતિ કે પત્નિ યુ.કે.માં વસવાટ માટે અરજી કેવી રીતે કરી શકે?

એ માટેનું ઍપ્લિકેશન ફોર્મ ભરવાનું હોય છે. જો અરજી યથાયોગ્ય ઍપ્લિકેશન ફોર્મ ઉપર નહીં હોય તો તે અસ્વીકાર્ય ગણાશે.

રોકાણની સમય મર્યાદા લંબાવવા માટે FLR(M) નામનું ફોર્મ ભરો.

કાયમી ધોરણે રોકાવા માટે SET(M) નામનું ફોર્મ ભરો.

લૉ સેન્ટરમાંથી આ ઍપ્લિકેશન ફોર્મ મળી શકે છે.

તમને જે થોડા સમય માટે રહેવાની છૂટ મળી હોય તે સમય મર્યાદા પૂરી થાય તે પહેલા ફોર્મ ભરીને રેકોર્ડેડ ડિલીવરીથી મોકલી આપવું; જે કાંઇ કાગળિયાં કે ફોર્મ તમે મોકલો તેની કોપી રાખવી. કયા કયા કાગળિયાં જોઇશે અને ફોર્મ ક્યાં મોકલવું એ બધું ફોર્મમાં બતાવેલું હશે.

તમને તાકીદે પ્રવાસ ખેડવાની જરૂર પડી હોય તો ઇમીગ્રેશન એન્ડ નૅશનાલિટી ડાયરેક્ટરેટની પબ્લિક ઇન્ક્વાયરી ઓફિસમાં જઇને રૂબરૂમાં અરજી કરી શકાય.

તમામ કાગળિયાં અસલ ઓરિજીનલ હોવા જોઇએ; જો ના હોય તો એ માટે સબળ કારણ આપવું પડશે. હોમ ઓફિસ કોપી કરેલ કાગળિયાં સામાન્ય રીતે માન્ય લેખતી નથી.

## સરકારી ભંડોળ એટલે શુ?

નીચે અમુક સરકારી બેનિફિટ બતાવેલ છે; યુ.કે.માં રહેવા કે વસવાટ અર્થે આવો તો તે બેનિફિટ વગર જ તમે ગુજારો કરી શકો અને રહેઠાણ પૂરૂં પાડી શકો એ જરૂરી છે:

- ઈન્કમ સપોર્ટ અને જોબસીકર્સ એલાવન્સ;
- હાઉઝીંગ એન્ડ હોમલેસનેસ એસિસ્ટન્સ;
- હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ;
- વર્કીંગ ફૅમિલીઝ ટૅક્સ ક્રેડિટ;
- સોશિયલ ફંડ થકી મળતી ગ્રાન્ટની રકમ;
- ચાઈલ્ડ બેનિફિટ; યા
- કોઈ પ્રકારનું ડીસેબીલીટી એલાવન્સ.

## એન્ટ્રી ક્લિઅરન્સ શું હોય છે?

તમને યુ.કે.માં આવવાની પરવાનગી રૂપે જે વિઝા કે એન્ટ્રી ક્લિઅરન્સ સર્ટિફિકેટ અપાય છે તેને, તે પ્રક્રિયાને એન્ટ્રી ક્લિઅરન્સ કહેવાય છે. અહીં આવવા ઇચ્છુક તમારા પતિ, પત્નિ, કે વેવિશાળ કરેલ વ્યક્તિ જે દેશમાં રહેતા હોય ત્યાંના બ્રિટીશ એલચીખાતામાં એન્ટ્રી ક્લિઅરન્સ માટે અરજી કરવાની હોય છે.

એની અરજી નકારવામાં આવે તો તમને અપીલ કરવાનો અધિકાર છે. એન્ટ્રી ક્લિઅરન્સ નામંજૂર થયાને ૨૮ દિવસની અંદર અપીલ કરી દેવી જોઇએ એની નોંધ લેવી.

## અપીલ

અપીલ કરવા વિષે લૉ સેન્ટર તમને સલાહ આપશે, અને બની શકે કે અપીલની સુનાવણીમાં તમારા વતી રજૂઆત પણ કરે. લૉ સેન્ટર આ સલાહ માટે કે અપીલની સુનાવણીમાં તમારા વતી રજૂઆત કરવા માટે કોઇ ચાર્જ નથી લેતા.

*આ પરિપત્રમાં આપેલ માહિતી સાચી તેમ જ આજની તારીખને અનુરૂપ છે તેની બને એટલી ચોકસાઈ રાખવામાં આવી છે. આમ છતાં, કાયદાની દૃષ્ટિએ એને સંપૂર્ણ કે સત્તાવાર ન ગણી શકાય, કાનૂની સલાહ ન કહેવાય, તેની ખાસ નોંધ લેવી. આ માહિતીમાં કોઈ પ્રકારની ભૂલચૂક હોય તેને માટે, કે તેનાથી ઉપજતા માઠા પરિણામ માટે અમોને જવાબદાર ન ઠેરવી શકાય. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં વસતા અને એના કાયદાઓની અસર તળે આવતા લોકો માટે જ આ પરિપત્ર તૈયાર કરવામાં આવેલ છે.*

મે ૨૦૦૩